નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ની અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક સંપન્ન

વડોદરા જિલ્લાના વિકાસને નવી ઊંચાઈ આપતું આયોજન, રૂ.1820.62 લાખના 667 વિકાસલક્ષી કામોને લીલીઝંડી

8 તાલુકાઓ અને 5 નગરપાલિકાઓની બજેટ જોગવાઈમાં રાજ્ય સરકાર દ્વારા ધરખમ વધારો

(પ્રતિનિધિ) વડોદરા. તા.6

વડોદરા જિલ્લાના છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવા અને ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે આજે વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે વડોદરા જિલ્લા આયોજન મંડળની મહત્વની બેઠક યોજાઈ હતી. ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી તથા વડોદરા જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવી ના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં વર્ષ 2026-27 ના નવા આયોજનને મંજૂરી આપવાની સાથે અગાઉના વર્ષોના કામોની પ્રગતિની પણ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકની શરૂઆતમાં રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને મળતી ગ્રાન્ટમાં કરવામાં આવેલા નોંધપાત્ર વધારાની વિગતો રજૂ કરવામાં આવી હતી.

તાલુકા કક્ષાએ :- વડોદરા જિલ્લાના 8 તાલુકાઓ માટે અગાઉની 10.00 કરોડની જોગવાઈ વધારીને હવે 16.00 કરોડ કરવામાં આવી છે. આ વધારાથી ગ્રામીણ વિસ્તારોમાં વધુ આધુનિક સુવિધાઓ ઊભી થઈ શકશે.

નગરપાલિકા કક્ષાએ :- જિલ્લાની 5 નગરપાલિકાઓ માટેની અગાઉની 1.25 કરોડની જોગવાઈ બમણી કરીને 2.50 કરોડ કરવામાં આવી છે.

બેઠકમાં વર્ષ 2026-27 માટે 15 ટકા વિવેકાધીન જોગવાઈ હેઠળ વિવિધ વિકાસકામોને મંજૂરી આપવામાં આવી હતી. કુલ 1820.62 લાખના ખર્ચે જે કામો હાથ ધરવામાં આવશે. મંજૂર થયેલા 667 કામોમાં મુખ્યત્વે આંતરિક રસ્તાઓ, પીવાના પાણીની વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, ગટર વ્યવસ્થા, આરોગ્ય કેન્દ્રોનું સુદ્રઢીકરણ, શિક્ષણ અને પોષણ જેવી પાયાની જરૂરિયાતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

વડોદરા જિલ્લામાં વર્ષ 2022-23 થી વર્ષ 2025-26 દરમિયાન વિકાસની ગતિ તેજ રહી છે. આ સમયગાળા દરમિયાન સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ કુલ 100.7થી કરોડની ગ્રાન્ટ સામે અત્યાર સુધીમાં 95.37 કરોડના ખર્ચે કુલ 4873 વિકાસકામો મંજૂર કરવામાં આવ્યા છે, જેમાંથી મોટાભાગના કામો પૂર્ણ થઈ ગયા છે અથવા પ્રગતિ હેઠળ છે. બેઠકના અંતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ જિલ્લાના વહીવટી તંત્રને સંબોધતા જણાવ્યું હતું કે, વિકાસના કામો માત્ર કાગળ પર નહીં પણ જમીન પર દેખાવા જોઈએ. તેમણે ખાસ સૂચના આપી હતી કે, વર્ષ 2022-23 થી 2025-26 ના જે કામો બાકી છે, તેને સરકારની નિયત સમયમર્યાદામાં તાકીદે પૂર્ણ કરવા. કોઈપણ કામની ગુણવત્તા (Quality Control) સાથે બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. જનપ્રતિનિધિઓ દ્વારા સૂચવવામાં આવેલા લોકઉપયોગી કામોને પ્રાથમિકતા આપવી. આ બેઠકમાં વડોદરા જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, ધારાસભ્યો તથા વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અટલ સાંસદ જનસેવા કેન્દ્ર ખાતે ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પોર્ટલનું લોન્ચિંગ

વડોદરામાં “એમપી ઓફિસ ઈ-પોર્ટલ” લોન્ચ : નાગરિકોને હવે મોબાઈલથી મળશે સાંસદ કાર્યાલયની સેવાઓ

નાગરિકોને હવે સરકારી કચેરીઓના ધક્કામાંથી મળશે મુક્તિ

(પ્રતિનિધિ) વડોદરા. તા.6

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રોત્સાહિત ઈ-ગવર્નન્સના અભિયાનને આગળ વધારતા વડોદરાના સાંસદ હેમાંગ જોશીના એક નવતર પ્રયોગરૂપે “એમપી ઓફિસ ઈ-પોર્ટલ”નું વડોદરામાં લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. અટલ સાંસદ જનસેવા કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પોર્ટલનું વિધિવત લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

આ પોર્ટલ દ્વારા નાગરિકોને હવે સાંસદ કાર્યાલય સંબંધિત વિવિધ સેવાઓ અને માહિતી મોબાઈલ પર સરળતાથી ઉપલબ્ધ થશે. ડિજિટલ ઈન્ડિયા તરફ આગળ વધી રહેલા દેશમાં નાગરિકોને નાની બાબતો માટે સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે હેતુસર આ ઈ-પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે.

પોર્ટલના માધ્યમથી નાગરિકો સાંસદ સાથે મુલાકાત માટે અપોઈન્ટમેન્ટ માગી શકશે, આવનારા કાર્યક્રમો અને ઈવેન્ટ્સનું શેડ્યૂલ જાણી શકશે તેમજ MP-LADS હેઠળ ચાલી રહેલા વિકાસકાર્યોની માહિતી મેળવી શકશે. સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશેની માહિતી પણ ઉપલબ્ધ રહેશે.

નાગરિકો 95127 69834 નંબર પર “Namaste” લખીને સંદેશ મોકલતા જ એમપી ઓફિસ પોર્ટલનું મુખ્ય મેનુ પોતાના મોબાઈલ પર મેળવી શકશે. હાલમાં પોર્ટલ અંગ્રેજીમાં ઉપલબ્ધ છે, જ્યારે ટૂંક સમયમાં તેને ગુજરાતી અને હિન્દી ભાષામાં પણ ઉપલબ્ધ બનાવવાની યોજના છે.

આ પ્રસંગે દંડક બાળકૃષ્ણ શુક્લ, સાંસદ હેમાંગ જોશી, જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબા મહિડા, ધારાસભ્યો યોગેશ પટેલ, શૈલેષ મહેતા, કેયુર રોકડિયા, કેતન ઈનામદાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રજૂઆતોનું થશે રોકેટ ગતિએ નિરાકરણ

ગુજરાત રાજ્યના ડિજિટલ ગવર્નન્સના સંકલ્પને વધુ વેગ આપતા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના વરદહસ્તે અટલ સાંસદ જનસેવા કેન્દ્ર ખાતે અત્યાધુનિક AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) આધારિત MP ઓફિસ ઈ-પોર્ટલ નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પહેલ સાથે હવે મતવિસ્તારના નાગરિકોની રજૂઆતો અને સરકારી કામોનું નિરાકરણ આંગળીના ટેરવે આવશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી અરજીઓનું ઝડપી વર્ગીકરણ અને પૃથ્થકરણ કરવામાં આવશે. નાગરિકો પોર્ટલ મારફતે ઘરે બેઠા જ પોતાની રજૂઆતો કે પ્રશ્નો નોંધાવી શકશે. અરજદારે આપેલી અરજી પર અત્યારે શું કાર્યવાહી થઇ રહી છે, તેની જાણકારી ઓનલાઇન મેળવી શકાશે. સાંસદ કાર્યાલય અને સામાન્ય જનતા વચ્ચેનો સેતુ વધુ મજબૂત અને પારદર્શક બનશે. અત્યાર સુધી નાગરિકોએ પોતાની સમસ્યાઓ માટે રૂબરૂ ઓફિસના ધક્કા ખાવા પડતા હતા, પરંતુ આ ઈ-પોર્ટલના માધ્યમથી હવે ગમે ત્યાંથી ફરિયાદ કે સૂચન મોકલી શકાશે. ટેકનોલોજીના માધ્યમથી ડેટા મેનેજમેન્ટ થતું હોવાથી કોઇ પણ રજૂઆત પડતર રહેશે નહીં અને સમયમર્યાદામાં તેનો ઉકેલ લાવવા માટે સિસ્ટમ સજ્જ કરવામાં આવી છે.

ડભોઈ નગરપાલિકા ની છેલ્લી સામાન્ય સભા રદ : નવી સભા ૧૩ માર્ચે યોજાશે

પોતાની ભૂલને મુસ્લિમ સભ્યોના રોજાનું બહાનું જાહેર કરી સભા રદ કરવાનુ કારણ જણાવ્યું

(પ્રતિનિધિ) ડભોઈ તા.6

ડભોઈ નગરપાલિકા નો વહીવટ ખાડે ગયો છે આજ ની સામાન્ય સભા માટે ત્રણ ઉપરાંત એજન્ડા જોવા મળ્યાં આજ ની સામાન્ય સભા સાંજે ૫ વાગ્યે રાખવામાં આવી હતી જ્યાં કોગ્રેસ ના ૧૪ સભ્યો હાજર હતા પછી સમય સાડા પાંચ નો કરાયો જેને ના સાચવી સકતા સમય ફરી છ વાગ્યા નો કરાયો જેને લઈ નગરપાલિકા કોગ્રેસ ના સભ્યો એ ચિફ ઓફીસરને રજૂઆત કરી ત્યારે ચિફ ઓફિસરનુ મન જાણે ડભોઈ થી ભરાયુ હોય પ્રજા ના સેવકો ને જવાબ બરાબર ના આપતા કોગ્રેસ ના નગરસેવકો શહેર કોગ્રેસના પ્રમુખ અને મહામંત્રી નીકળી ગયા હતા આ વાત ની નગરમાં વાયુ વેગે ખબર પડતાં લોકો અચરજ પામી ગયા હતાં નગરપાલિકા ના વહીવટ કરનારા ઓ એ ૧૩ માર્ચ શુક્રવાર ના રોજ સાંજે ચાર કલાકે સામાન્ય સભા નો એજન્ડા કાઢવા મા આવ્યો છે જે ચોથો કે પાંચમો એજન્ડા છે સાથે સાથે નગરપાલિકા એ એક સુચના જાહેર કરી છે જેમાં પોતાની ભૂલ ને મુસ્લિમ સભ્યો ના રોજા નું બહાનું જાહેર કરી આજ ની સભા રદ કરવા નુ કારણ જણાવ્યું છે પરંતુ ચિફ ઓફિસર નગરપાલિકા મા સમય સર આવ્યા જ નથી અને કોગ્રેસ ના નગરસેવકો સાથે નો વ્યવહાર ની ચર્ચા નગર મા ચૌરે ને ચૌટે ચર્ચાઈ રહી છે એક વાત નક્કી કે ડભોઈ ના ઈતિહાસ માં આવો બનાવ પ્રથમ હશે કે સામાન્ય સભા રદ થવી અને એક જ સામાન્ય સભા માટે ચાર પાંચ જેટલા એજન્ડા નિકળ્યા હોય આવનાર પંદર માર્ચે બોર્ડ ની મુદત પુરી થશે ત્યારે નગરસેવકો પોતાના મત વિસ્તારમાં આવનાર ચૂંટણી માટે કેવો રહેશે એ માટે સમય ની રાહ જોવી રહી એક વાત નક્કી કે ડભોઇ નગરપાલિકા નો વહીવટ ખાડે ગયો છે એ સત્ય છે જેનો કોઇ નકારી શકે નહીં !!

વડોદરા શહેરને રૂ. 203 કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ : ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવી

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં દીકરીઓ માટે નવી હોસ્ટેલના નિર્માણનું ખાતમુહૂર્ત કરાયું

(પ્રતિનિધિ) વડોદરા

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના વડોદરા પ્રવાસ દરમિયાન વડોદરા મહાનગરપાલિકા દ્વારા આયોજિત કાર્યક્રમમાં શહેર માટે રૂ. 203 કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાથે જ ડેસર ખાતે આવેલી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં દીકરીઓ માટે નવી હોસ્ટેલના નિર્માણનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતા હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર મહાનગરપાલિકાના દરેક વોર્ડમાં નાગરિકોની મૂળભૂત જરૂરિયાતોને સુવિધામાં પરિવર્તિત કરવા માટે કાર્યરત છે. વર્ષ 2047 સુધીમાં રાજ્યની આશરે 60થી 70 ટકા વસ્તી શહેરોમાં વસશે તે ધ્યાનમાં રાખીને અગાઉથી જ મજબૂત અને આયોજનબદ્ધ માળખાગત સુવિધાઓ ઉભી કરવાની દિશામાં સરકાર કાર્ય કરી રહી છે.

શહેરના વિકાસ અંગે તેમણે જણાવ્યું કે નવા ભળેલા વિસ્તારો માટે બજેટમાં રૂ. 1000 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પાણી પુરવઠા માટે રૂ. 800 કરોડ, ડ્રેનેજ નેટવર્ક માટે રૂ. 700 કરોડ અને માર્ગોના વિકાસ માટે રૂ. 400 કરોડ ફાળવવામાં આવ્યા છે. અમૃત 2.0 યોજના હેઠળ ભાયલી અને સેવાસી વિસ્તારમાં નવી પાણીની ટાંકી અને નેટવર્કના લોકાર્પણથી 50 હજારથી વધુ નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી મળશે. સુરસાગર તળાવ ખાતે રૂ. 40 કરોડના ખર્ચે લેસર ફાઉન્ટેન, સાઉન્ડ-લાઈટ અને 3ડી મેપિંગ શો જેવા પ્રોજેક્ટ વિકસાવવામાં આવશે. કાર્યક્રમમાં મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ, સાંસદ હેમાંગ જોશી, મેયર પિન્કીબેન સોની, ડો. જયપ્રકાશ સોની, ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબા મહિડા તથા મહાનગરપાલિકાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

રામેશ્વર મહાદેવ મંદિર વડોદરાની આસ્થાનું મહત્વપૂર્ણ કેન્દ્ર

ખાટૂ શ્યામ, સાંવરીયા શેઠ અને ભારત માતા મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

મંદિરના જીર્ણોદ્ધારમાં દરેક પરિવારે આપેલો સહયોગ સામાજિક એકતાનું ઉત્તમ ઉદાહરણ : હર્ષ સંઘવી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

શહેરના નવાયાર્ડ વિસ્તારમાં રેલવે કોલોનીના ‘ડી’ કેબીન ખાતે આવેલા પ્રાચીન રામેશ્વર મહાદેવ મંદિરે મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિમય વાતાવરણમાં ઉજવાયો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉપસ્થિત રહી અખંડ જ્યોત તથા કળશ યાત્રામાં ભાગ લીધો અને મંદિરે શીશ નમાવી આશીર્વાદ લીધા હતા. મહોત્સવ દરમિયાન મંદિરમાં ખાટૂ શ્યામ, સાંવરીયા શેઠ અને ભારત માતાની મૂર્તિઓની શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંબોધન કરતા હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રામેશ્વર મહાદેવ મંદિર વડોદરાની આસ્થાનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. મંદિરના જીર્ણોદ્ધારમાં આસપાસની કોલોનીના દરેક પરિવારે દર મહિને દાન આપીને સહયોગ આપ્યો છે, જે સામાજિક એકતા અને શ્રદ્ધાનું ઉત્તમ ઉદાહરણ છે. મહિલા સુરક્ષાના મુદ્દે તેમણે માતા-બહેનોને દીકરીઓની સુરક્ષા માટે સજાગ રહેવા અને જરૂર પડે ત્યારે રાણી લક્ષ્મીબાઈ જેવી હિંમત બતાવવાનો સંદેશ આપ્યો હતો. પોતાની ઓળખ છુપાવી દીકરીઓને ફસાવનારા તત્વો સામે રાજ્ય સરકાર કડક કાયદાકીય પગલાં લેશે તેવી ચેતવણી પણ તેમણે આપી હતી. કાર્યક્રમમાં મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ, મેયર પિન્કીબેન સોની, ધારાસભ્ય કેયુર રોકડિયા સહિત અગ્રણીઓ અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર રહ્યા હતા.

“ગુજરાત ગરિમા એવોર્ડ” માટે અરજીઓ મંગાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

“ગુજરાત ગરિમા એવોર્ડ” સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ ગણાય તેવી ઉત્કૃષ્ટ સેવા કરનાર કે વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવે છે. આથી, સરકારશ્રી દ્વારા રાજ્યનો સર્વોચ્ચ નાગરિક એવોર્ડ “ગુજરાત ગરિમા એવોર્ડ” તા.૧લી મે, ‘ગુજરાત સ્થાપના દિન”ના રોજ આપવા અંગેની પ્રક્રિયા હાથ ધરી છે. જે અનુસંધાને વડોદરા જિલ્લામાં જુદા જુદા ક્ષેત્રમાં વિશિષ્ટ કામગીરી કરી હોય/સિદ્ધિ હાંસલ કરી હોય તેવી વ્યકતિ વિશેષ કે સંસ્થાઓ કે જેઓ ગુજરાત ગરિમા એવોર્ડ માટે યોગ્ય જણાતા હોય તેમની ભલામણો પોર્ટલ (gujaratstateprotocol@gmail.com) પર મોકલી આપવા જણાવાયું છે. સોફ્ટ કોપી સાથે તથા હાર્ડ કોપી ત્રણ નકલોમાં કોમ્પ્યુટર પર (૮૦૦ આઠસો શબ્દોથી વધુ નહિં) તૈયાર કરી સમય મર્યાદામાં દિન-૭ માં મોકલી અધિક ચીટનીશ શાખા, કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, દિવાળીપુરા,ખાતે આપવા અખબારી યાદીમાં જણાવાયું છે.

છોટા ઉદેપુર તાલુકાનાં હાંસડા ગામે બાબા ગોળીયા નો મેળો યોજાયો

બડવાઓને કમરમાં લોખંડના ખીલા ઘોપી ચાકડે ફેરવાયા, અગ્નિ પરીક્ષામાંથી પસાર થયાં

સાચો બડવો કોણ? બડવા ઓને પણ આપવી પડે છે પરીક્ષા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.6

છોટાઉદેપુર જિલ્લામાં આજેપણ ગામડાઓની અંદર ધાર્મિક પરંપરા મુજબ લોકો નો વહેવાર ચાલતો હોય છે. જે અંતર્ગત બડવાઓનું પ્રભુત્વ ઘણું રહેલું છે ગામડાઓનો અંદર કોઈ માંદગી હોય અથવા મુશ્કેલી પડે તો બડવાનો સહારો લેવો પ્રથમ જાય છે પછી તેઓ અન્ય જગ્યાએ જતા જોવા મળે છે હોળી પર્વની અંદર બડવાઓ પણ દેવોના આશીર્વાદ લેવા અર્થે જ્યાં સ્થાનકો હોય ત્યાં પોહચી જાય છે. છોટાઉદેપુર તાલુકાના હાંસડા ગામે આજરોજ તા 6/3/26 ના બડવા ચાકડે ફરવા આવ્યા હતા અને અગ્નિ પરીક્ષા માંથી પસાર થયાં હતાં કપરી કસોટી બાદ ચાલુ વર્ષમાં પરીક્ષા આપનાર બળવાઓને લોકો માનશે. એક દિવસ બાદ છોટાઉદેપુર તાલુકાના ચિસાડીયા ગામે પણ આજ વિધિ પ્રમાણે બાબા ગોળિયાનો મેળો યોજાશે અને બડવા ઓની કસોટી થશે.

છોટાઉદેપુર તાલુકાનું હાંસડા ગામ મધ્યપ્રદેશની સરહદે આવેલુ હોય ત્યાં પેઢી દર પેઢીઓથી તથા દાયકા ઓથી બાબા ગોળીયાનો મેળો થાય છે એમાં લાકડામાંથી એક ચાકડો બનાવેલ હોય છે તેના ઉપર પરિક્ષા આપવાં આવેલ બડવા ને લટકાવવામાં આવે છે અને પછી ચારેય બાજુ સૌ ભેગા થઈને તેને ફેરવે છે એ સમયે ભારે મેદની જોવા અર્થે એકત્રિત થાય છે જે બડવાને ચાકડા ઉપર બાંધવામાં આવે છે એ બડવો બાબાદેવ કાળા ભરીમ ને મરઘાની બલી આપે છે.

જ્યારે બડવાઓને ચાકડા ઉપર ચઢાવવામાં આવેછે ત્યારે પ્રથમ તેના કમ્મરના ભાગે લોખંડના વાંકા ખીલ્લા મારવામાં આવે છે જો એ સમયે લોહી નીકળે તો એ સાચો બડવો કહેવાતો નથી કોઈપણ બડવાને ફરજીયાત 9 વર્ષ સુધી ચાકડે ફરવું પડે છે જો ન ફરેતો એને કોઈ માન પણ આપતું નથી.

આજે તા 6 માર્ચના હાંસડા ગામે બાબા ગોળીયાનો મેળો યોજાયો તેના ચાકડે ચઢવા માટે કેટલાક બડવા આવ્યા આ બડવાઓ ધુણતા ધુણતાં બાબા ગોળીયાના ચાકડા પાસે આવ્યા હતા ત્યાં ધાર્મિક વિધિ થયા પછી સીધા તેને સૌ ભેગા થઈ કમરના ભાગે ખીલાં ભોકી એના આધારે ચાકડા ઉપર ઊંધો લટકાવી દેતા હોય છે અને ગોળ ફેરવવાનું ચાલુ કરતા આ દ્રશ્ય કંપારી ભર્યું ડરાવણું લાગે છે વર્ષોથી આ ચાલતી પ્રક્રિયામાં કોઈપણ દુર્ઘટના બની નથી ચાકડા પાસે થતી અગ્નિ પરીક્ષા ને લઈ ઘણા બડવા એમાં ભાગ લેવા આવતા નથી.

પ્રજા સમક્ષ બડવાઓ પોતાની ક્ષમતા પુરવાર કરવા અર્થે અનેક નાની મોટી વિધિઓ કરે છે અને બાબાદેવ કાળા ભરીમ ના આશીર્વાદ અવશ્ય તેઓ મેળવે છે જે બડવાઓ શરૂઆત કામગીરીની કરતા હોય તેઓ ચાકડા ઉપર ફરવા આવતા નથી.

બ્રહ્માકુમારી અટલાદરા દ્વારા 26 વિશિષ્ટ નારીઓનું સન્માન કરશે

(પ્રતિનિધિ) વડોદરા તા.6

દર વર્ષે ૮ માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે. આ અવસરે બ્રહ્માકુમારી અટલાદરા સેવા કેન્દ્ર દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે ૨૦૨૬ નિમિત્તે કાર્યક્રમને યાદગાર બનાવવા માટે સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ યોગદાન આપનાર ૨૬ વિશિષ્ટ નારીઓનું સન્માન કરીને “વંદે માતરમ્ - સ્વર્ણિમ ભારત” કાર્યક્રમ યોજવામાં આવશે. આ પ્રસંગે અમદાવાદથી પ્રખ્યાત રાજયોગ શિક્ષિકા બી.કે. અમરદીદી વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

સંસ્થા સંચાલિકા બી.કે. ડો. અરુણાદીદીએ તમામ ભાઈ-બહેનોને તા. ૮ માર્ચે સવારે ૧૧:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી યોજાનારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સન્માનમાં સહ ભાગીદાર થવા ભાવભર્યું આમંત્રણ છે.

બોડેલી ઢોકલીયા વિસ્તારમાં મુખ્ય બજારનો રોડ બિસમાર : વાહનચાલકોને ભારે હાલાકી

કોઈ નેતા આવે તો રાતો રાત બની જતો રોડ, જનતા માટે બિસમાર હાલતમાં જોવા મળે છે

(પ્રતિનિધિ) બોડેલી તા.6

છોટાઉદેપુર જિલ્લા નો મુખ્ય વડુ મથક ગણાતો બોડેલી જ્યાં ઢોકલીયા વિસ્તારમાં મુખ્ય રોડ એકદમ બિસ્માર હાલતમાં જોવા મળે છે વારંવાર રોડ ઉપર ખાડા પડી જતા ત્યાં મેટલ તથા ડસ્ટ નાખી દેવામાં આવે છે જેના કારણે વાહન ચાલકોને ભારે હાલાકી નો સામનો કરવો પડે છે કેટલીક વખતે રોડ ઉપર ની કપચી બાઈક તથા કાર ના ટાયર નીચે થી છટકતા ફુલ સ્પીડે દુકાનમાં જતી હોય છે અને વાહનોની અવરજવરથી ખૂબ જ વધુ પ્રમાણમાં ધૂળ ઉડતી હોય છે જેથી કરીને આસપાસના દુકાન દારો પણ ખૂબ જ મુશ્કેલી વેઠતા નજરે ચડે છે તેમના સામાનમાં ધૂળ જ ધૂળ વારંવાર થઈ જતી હોય છે જ્યારે બાઈક ચાલકને આવી ધૂળ ઉડતા ખૂબ જ મુશ્કેલીઓ પડે છે ત્યાં મુખ્ય રોડ ઉપર જ શાક માર્કેટ પણ જોવા મળે છે જ્યારે આ ધૂળ ડમરી શાકભાજી પર ઉડતા નુકસાનકારક નીવડે એમ છે

લોક ચર્ચાનો વિષય એ છે કે કોઈ મોટા રાજકીય નેતા એપીએમસી ખાતે ફક્ત એક જ કલાકનો કાર્યક્રમ કરવા આવતા હોય છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા રાતો રાત આ રોડ ઉપર ડામર પાથરી દેવામાં આવે છે અને રોડની આખી પરિસ્થિતિ જ બદલી દેવામાં આવે છે તો પ્રજા ને પડતી હાલાકી વહીવટી તંત્રને કેમ દેખાતી નથી જેથી કરીને વહેલી તકે લાગુ પડતા વહીવટી તંત્ર દ્વારા આ રોડને બનાવવામાં આવે એવી સ્થાનિકોની માંગ ઉઠી છે.

આંત્રોલી ગ્રામ પંચાયતના ખુદાપીપળા ફળિયામાં લાઇન ફાટી જતા પાણીનો વેડફાટ

અંતરિયાળ વિસ્તારમાં નલ સે જલ યોજના અંતર્ગત બનાવેલા સંપ, ટાંકા બિનયોગી : ગ્રામજનો નો આક્ષેપ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.6

છોટાઉદેપુર તાલુકાના આતરોલી ગામ પંચાયતના ખુદાપીપળા ફળિયામાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની લેહવાટ પાણી પુરવઠા યોજના અંતર્ગત પાણી પાઈપ લાઇનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણી નો વેડફાટ થઈ રહ્યો છે,

ગામમાં બનાવવામાં આવેલી પાણીની ટાંકીમાંથી હજારો લિટર પાણી ખેતરો અને કોતરોમાં વહી જાય છે, ગામલોકોના જણાવ્યા મુજબ લાંબા સમયથી પાણીનો આ રીતે બગાડ થઈ રહ્યો છે, છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી.

એક તરફ સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી માટે મોટી યોજનાઓ અમલમાં મૂકે છે, પરંતુ બીજી તરફ તંત્રની ઉદાસીનતાને કારણે કિંમતી પાણીનો વેડફાટ થઈ રહ્યો હોવાનું ગામલોકો જણાવી રહ્યા છે. ઉનાળો નજીક આવી રહ્યો છે ત્યારે પાણીનો આટલો મોટો બગાડ થતાં ગામમાં ચિંતા જોવા મળી રહ્યો છે. ગામલોકોએ તાત્કાલિક તપાસ કરી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે.

એક્સિસ બેન્ક લિમિટેડ

ગીરે મૂકાયેલા સોનાના ઘરેણા માટે હરાજીની જાહેર નોટિસ

ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને અત્રે સૂચિત કરવામાં આવે છે કે એક્સિસ બેંક દ્વારા નીચેના ખાતાઓમાં ગીરવે મુકવામાં આવેલા સોનાના દાગીનાની જાહેર હરાજી નીચે દર્શાવેલ શાખામાં હાથ ધરવાની દરખાસ્ત કરવામાં આવી છે. નીચે દર્શાવેલ ઉધાર લેનારાઓએ એક્સિસ બેંક લિમિટેડ પાસેથી સિક્યોરિટી માટે બેંકની તરફેણમાં સોનાના દાગીના (‘ગોલ્ડ લોન ફેસિલિટી’) ગીરવે મુકીને ક્રેડિટ સુવિધાનો લાભ લીધો છે. લોન લેનારાઓ/ગારન્ટર્સને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી અને લોન લેનારાઓ/ગારન્ટર્સને ગોલ્ડ લોનની સુવિધા માટે તેમની બાકી રકમ ચૂકવવા કહેવાયું હતું. ઋણ લેનારા/ગારન્ટર્સ બાકી લોનની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, બેંકે અહીં પ્રોપર્ટીના શેડ્યૂલમાં વધુ ખાસ રીતે વર્ણવેલ ગીરવે મૂકેલા સોનાના દાગીનાના ઈ-ઓક્શન વેચાણ કરવાની દરખાસ્ત કરી છે જે 17-3-2026ના રોજ. બપોરે 12.30થી બપોરે 3.30 વાગ્યા સુધી ‘એઝ ઈન વ્હેર ઈઝ’, ‘એઝ ઈઝ વ્હોટ ઈઝ’, ‘વોટેવર ધેઅર ઈઝ’ અને ‘નો રિકોર્સ બેસીસ’ પર કરાશે.

ઋણ લેનારાઓ અને બાકી નીકળતી રકમની વિગતો:

ગ્રાહકનું નામ	લોન એકાઉન્ટ નંબર	બાકી રકમ (રૂ.)	રિકોલ નોટિસની તારીખ	ગ્રોસ વજન	નેટ વજન
શાખાનું નામઃ આલીપુરા, બોડેલી વડોદરા [GJ]					
તડવી રાજેન્દ્રકુમાર	XXXXXXXXXX3510	91717	09-02-2026	15.000	14.500
શાખાનું નામઃ દાહોદ [GJ]					
નીતાબેન દિનેશકુમાર રાઠોડ	XXXXXXXXXX1258	297986	16-11-2025	52.120	50.620
રતનબેન કમલેશભાઈ હઠીલા	XXXXXXXXXX3504	733194	09-02-2026	113.440	111.490
શાખાનું નામઃ દેવગઢ બારીયા [GJ]					
ગોહિલ કાજલબેન જનકકુમાર	XXXXXXXXXX6779	259462	23-01-2026	33.280	32.480
શાખાનું નામઃ ગોધરા [GJ]					
રામનાણી દીપુભાઈ	XXXXXXXXXX8048	992771	23-01-2026	175.800	173.600
શર્મા જયેશકુમાર	XXXXXXXXXX3488	170140	31-07-2025	30.400	29.150
શાખાનું નામઃ હાલોલ [GJ]					
પરમાર ગૌતમકુમાર	XXXXXXXXXX9227	33449	09-02-2026	10.000	9.850
રાઠોડ જસપાલસિંહ	XXXXXXXXXX8591	50024	09-02-2026	8.600	8.400

એક્સિસ બેન્ક લિ.ને આગળથી નોટિસ આપ્યા વગર ખાતા હટાવવાનો-હરાજીની તારીખ બદલવાનો હક છે. હરાજી ઓનલાઈન કરાશે જે બપોરે 12.30થી બપોરે 3.30ની વચ્ચે https://egold.auctiontiger.net પર કરાશે. વિગતવાર નિયમો અને શરતો જાણવા https://egold.auctiontiger.net વેબસાઈટ પર જવું.

સ્થળ: ગુજરાત અધિકૃત અધિકારી - એક્સિસ બેન્ક લિ.